ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

કામદારોએ ગેટ પર બેસી ને કંપની ની મનમાની વિરુદ્ધ નારેબાજી હોબાળો મચાવ્યો હતો

સાવલીની રાણીયા ગામે કંપનીની મનમાની, 30થી વધુ કામદારોને અચાનક છૂટા કરતા રોષ

(પ્રતિનિધિ) સાવલી, તા.2

સાવલી તાલુકામાં ઘણા ઔદ્યોગિક એકમો આવેલા છે જેમાં વારંવાર કામદારોનું આર્થિક શોષણ અને અન્ય મુદ્દાઓ વારંવાર ચર્ચાની એરણ પર હોય છે જેમાં ખાસ કરીને જેમાં કામદારોને કાયમી કરવા, સેફ્ટી, મેડિકલ સુવિધા અને વિવિધ એલાઉન્સો મુખ્ય મુદ્દાઓ હોય છે, તેવામાં રાણીયાની સીમમાં એવીએન્ટ મટીરીયલ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની કલર એન્ડ વાઈટ માસ્ટર બેચ પ્લાસ્ટિક ની બોટલ ના ઢાંકણા અને બોટલ સહિતની બનાવટ

માં વપરાતા પ્લાસ્ટિકના દાણાનું ઉત્પાદન કરે છે. આ કંપનીમાં કામ કરતા કામદારો દ્વારા જાણવા મળ્યા મુજબ ગતરોજ પહેલી તારીખ થી 15 થી 18 વર્ષ જૂના 30 જેટલા કામદારોને કોઈપણ જાતના કારણ વગર કે નોટિસ વગર અને આગોતરી જાણ વગર માત્ર વોટ્સએપ પર મેસેજ કરી કામ પર નહીં આવવાની સૂચના અપાઈ હતી અને છૂટા કરી દેવાયા છે તેના પગલે કામદારોમાં પ્રચંડ રોષ ફાટી નીકળ્યો હતો અને કંપનીના ગેટ પર બેસીને વિરોધ પ્રદર્શન કરી નારેબાજી કરી હતી અને ન્યાયની માંગણી કરી હતી અને કામદાર મહેશ ભોઈએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક ન્યાય પંચ દ્વારા કામદારોને 1947ની જોગવાઈઓને અનુસર્યા સિવાય છૂટા ન કરવાનો હુકમ હોવા છતાંય કોન્ટ્રાક્ટ પૂરો થયાના બહાને છૂટા કરી દેવાયા છે અને કંપની દ્વારા કામદારોનું શોષણ કરાતું હોવાનું જણાવ્યું છે અને કોર્ટ દ્વારા તેઓને છુટા કરવા પર મનાઈહુકમ આપ્યો હોવાનું જણાવ્યું છે. કંપનીમાં 150 થી વધુ કામદારો કામ કરે છે પરંતુ કેટલાક કામદારોને 40 થી 50 હજાર પગાર છે જ્યારે અમારું પગાર 12 થી 13 હજાર છે આમ અમારું આર્થિક શોષણ કરવામાં આવે છે

કંપનીમાં વપરાતા પદાર્થથી નુકશાન

સાવલીના રાણીયા રોડ પર આવેલી એવીએન્ટ મટીરીયલ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીમાં પ્લાસ્ટિકના દાણા બનાવવામાં આવે છે જેમાં રો મટીરીયલ તરીકે કેલ્શિયમ કાર્બોનેટ, ટીટેનિયમ ડાયોક્સાઇડ ,ડ્રાય પીગમેન્ટ (એડિસિવ), લો લાઇફ ૭૭ રેડ ૧૭૯ પીગમેન્ટ,મેટાલિક સિલ્વર જેવા પદાર્થો વપરાય છે જેમાં લો લાઇફ ૭૭ નો ઉપયોગ કરવાથી કામદારોને એલર્જી થાય છે.

બોડેલી-કિર્તી બસના કંડકટરના અચાનક અવસાનથી શોકની લાગણી

ચાલુ ફરજ દરમિયાન એસટી કંડકટરનું હાર્ટ એટેકથી મૃત્યુ

સવારે છાતીમાં તીવ્ર દુ:ખાવો ઉપડ્યો હતો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.2

ફરજ પર રહેલા એસટી કંડકટરનું હાર્ટ એટેકથી અચાનક અવસાન થતાં એસટી વિભાગ તેમજ કુટુંબીજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. વાધોડીયા ડેપોની બોડેલીથી કિર્તી સ્તંભ જતી બસમાં ફરજ બજાવતા કંડકટર ઈનુસિંહ ફતેસિંહ જાડેજા (ઉ.વ.57)ને સવારે છાતીમાં તીવ્ર દુ:ખાવો ઉપડ્યો હતો.

બનાવની વિગતો મુજબ સવારે અંદાજે 9:30 વાગ્યે ગોલાગામડી પાસે કંડકટર ઈનુસિંહ જાડેજાને છાતીમાં

દુ:ખાવો શરૂ થયો હતો. પરિસ્થિતિ ગંભીર જણાતાં બસના ચાલકે તાત્કાલિક રીતે બસને ડભોઈ ખાતે આવેલી પ્રમુખ સ્વામી હોસ્પિટલ તરફ દોરી હતી.

હોસ્પિટલમાં પહોંચ્યા બાદ વધુ સારવાર મળે એ પહેલાં જ કંડકટર ઈનુસિંહ જાડેજાનું અવસાન થયું હતું. આ દુ:ખદ સમાચાર મળતા એસટી વિભાગના કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોમાં ભારે શોક પ્રસરી ગયો હતો.

ઈનુસિંહ જાડેજા પોતાના મિલનસાર અને સૌમ્ય સ્વભાવ માટે ઓળખાતા હતા. તેઓ પોતાની પાછળ વિશાળ મિત્રમંડળ અને શોકાકુલ પરિવાર છોડી ગયા છે. તેમના અચાનક અવસાનથી સાથી કર્મચારીઓમાં પણ ગાઢ શોક જોવા મળી રહ્યો છે.

આ બનાવે ફરજ દરમિયાન કર્મચારીઓના આરોગ્ય અને તાત્કાલિક સારવારની વ્યવસ્થા અંગે ફરી એકવાર ગંભીર વિચારણા કરવાની જરૂરિયાત તરફ ધ્યાન દોર્યું છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

શિનોરના સેગવા ખાતે વિકાસ કાર્યોનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

શિનોર । શિનોર તાલુકાના સેગવા ચોકડી ખાતે અંદાજિત રૂ. 2.40 કરોડના ખર્ચે નિર્માણ થનાર સેગવા સર્કલ ડેવલોપમેન્ટ, ફૂટપાથ, સ્ટોર્મ વોટર ડ્રેઇન, રેલિંગ, રોડ ફર્નિચર તેમજ હાઇ માસ્ટ લાઈટના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય અક્ષયભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્ય પૂર્ણ થવાથી સેગવા ચોકડી વિસ્તારની ટ્રાફિક વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બનશે તેમજ નાગરિકોને સલામત અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે. ખાસ કરીને વરસાદી પાણીની યોગ્ય નિકાસ માટે સ્ટોર્મ વોટર ડ્રેઇન મહત્વપૂર્ણ સાબિત થશે. ખાતમુહૂર્ત પ્રસંગે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનો દ્વારા વિકાસ કાર્યો માટે રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ક્વાંટના ખાંટીયાવાટ હાઇસ્કૂલ ખાતે ટીબી અને એઇડ્સ વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ક્વાંટ । ક્વાંટ ના ખાંટીયાવાટ શાંતિલાલ ગોરધનદાસ પટેલ સાર્વજનિક હાઇસ્કૂલ ખાતે ઇન્ચાર્જ પ્રિન્સીપાલ અચ્યુત પાઠક ના સહયોગથી ટીબી અને એચઆઇવી/એઇડ્સ તેમજ અન્ય રોગો વિશે જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો જેમાં જિલ્લા ક્ષય અધિકારી ડો બીએમ ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ ઉપસ્થિત રહેલ જિલ્લા ટીબી એચ આઇ વી કો-ઓર્ડિનેટર વાલસિંગભાઈ રાઠવા દ્વારા ટીબી રોગને દેશમાંથી બહાર કરવા માનનીય વડાપ્રધાન શ્રી દ્વારા ચલાવવામાં આવી રહેલ ટીબી મુક્ત ભારત અભિયાન ઝૂંબેશ ને આરોગ્ય વિભાગ સાથે સામુદાયિક ભાગીદારી ની આવશ્યકતા જણાવી સૌએ પોતાની વ્યક્તિગત ફરજ સમજી જાગૃતતા સંદેશ ફેલાવવા માં મદદરૂપ થાય તેમ જણાવ્યું હતું. ટીબી રોગના લક્ષણો તપાસ અને સારવાર તથા સરકાર દ્વારા મળતી સેવાઓ વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી. મેડિકલ ઓફિસર ડો.રૂચા પંડ્યા એ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મળતી આરોગ્ય વિષયક સેવાઓ વિશે જાણકારી આપી હતી.

દાહોદ જિલ્લામાં ' ગામે ગામ આરોગ્ય કિરણ ' યોજનાથી આરોગ્યનું ઉજાસ ફેલાયું

દાહોદ । દાહોદ જિલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જિલ્લા પંચાયત દાહોદ દ્વારા જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢાના માર્ગદર્શન હેઠળ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવતના દિશાનિર્દેશનમાં "ગામે ગામ આરોગ્ય કિરણ" કાર્યક્રમ અમલમાં મુકાયો છે. કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં આવેલી કુલ 102 શાળાઓમાં 11,226 બાળકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં સિકલ સેલ, બાળરોગ, એનિમિયા, ટીબી, મેલેરિયા, ડેન્ગ્યુ, લેપ્રસી, ડાયાબિટીસ, પાણીજન્ય રોગો, સ્વચ્છતા, યોગ્ય પોષણ અને આરોગ્ય સંબંધિત વિવિધ વિષયો પર વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. બાળકોને વધુ અસરકારક રીતે સમજણ મળે તે માટે પ્રોજેક્ટર મારફતે વિવિધ આરોગ્ય વિષયક વિડિઓઝ તથા PPT રજૂ કરવામાં આવ્યા, જેના દ્વારા આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને સમજણ વિકસાવવામાં આવી હતી.

નસવાડી તાલુકામાં SIR સર્વેની કાર્યવાહી સામે મતદારોમાં રોષ

(પ્રતિનિધિ) નસવાડી, તા. 2

નસવાડી તાલુકામાં SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) સર્વેની કામગીરી દરમિયાન મતદાર યાદીમાં નામ સમાવિષ્ટ હોવા છતાં તંત્ર દ્વારા મતદારોને નોટિસો આપી આધાર પુરાવાની માંગ કરવામાં આવી રહી છે. ફોર્મ ભરતી વખતે તમામ આધાર પુરાવા રજૂ કર્યા હોવા છતાં 2002ની મતદાર યાદીમાં નામ નથી તેમજ અન્ય પૂરતા પુરાવા નથી તેવો ઉલ્લેખ કરી મતદારોને મામલતદાર કચેરીમાં હાજર રહેવા નોટિસો આપવામાં આવતા મતદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

SIRની કામગીરી દરમિયાન મતદારો દ્વારા પોતાનું નામ મતદાર યાદીમાં જળવાઈ રહે તે માટે દોડધામ કરી તમામ જરૂરી આધાર પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. SIRની કામગીરી પૂર્ણ થયા બાદ જ્યારે નવી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી ત્યારે તેમાં નામ સમાવિષ્ટ થયા છતાં હવે ફરીથી તંત્ર દ્વારા નસવાડી તાલુકાના મતદારોને નોટિસો આપી તમામ આધાર પુરાવા માંગવામાં આવી રહ્યા છે.

તંત્ર દ્વારા ખાસ કરીને 2002ની મતદાર યાદી રજૂ કરવાનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. જોકે, ઘણા મતદારોના નામ 2002ની મતદાર યાદીમાં ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં મતદારો આ પ્રકારની યાદી ક્યાંથી લાવે તેવો પ્રશ્ન ઊભો થયો છે. નસવાડી તાલુકાના આદિવાસી વિસ્તારોમાં આજે પણ ઘણા લોકો અભણ છે અને તેમની પાસે જન્મના દાખલા ઉપલબ્ધ નથી. તેમ છતાં અશિક્ષિત લોકો પાસેથી જન્મના દાખલા માંગવામાં આવતા હજારો મતદારોના નામ પુરાવાના અભાવે મતદાર યાદીમાંથી રદ્દ કરવાની કાર્યવાહી થવાની શક્યતા સામે રોષ ફેલાયો છે.

ડભોઈના વઢવાણા વેટલેન્ડ ખાતે વનવિભાગ અને પક્ષીવિદો દ્વારા પક્ષીઓની ગણતરી

(પ્રતિનિધિ) ડભોઇ, તા.2

પક્ષીતીર્થ તરીકે ખ્યાતી પામેલા અને મધ્ય ગુજરાતના એકમાત્ર વઢવાણા સિંચાઈ તળાવ ખાતે વનવિભાગ ના નાયબ વનસરંક્ષણ ના માર્ગદર્શન હેઠળ ડભોઇ, શિવરાજપુર, જાંબુઘોડા અને કંજેટા ના વનવિભાગ,વન્ય પ્રાણી વિભાગ ના અધિકારીઓ,કર્મચારીઓ સહીત ડભોઈ,વડોદરા અને અમદાવાદ ના પક્ષીવિદો મળી કુલ-100 વ્યક્તિઓ ની 13 ટીમો બનાવી વઢવાણા વેટલેન્ડ સહીત આજુબાજુ ના વિસ્તાર,તળાવો, ખેતરો અને જળશયો ને આવરી લઈ યાયાવર તેમજ દેશીપક્ષીઓ ની ચીવટતા પુર્વક ગણતરી હાથ ધરાઈ હતી.જેમા આ વર્ષે પક્ષીઓ ની સંખ્યા ખુબજ ઓછી

જોવા મળેલ હોય જેમાં પક્ષીઓ એ સલામત સ્થળ તરફે સ્થળાંતર કર્યું હોય તેમજ તળાવમા પાણી વધુ હોવાના કારણો પણ સામે આવ્યા છે.

ડભોઈ ના વઢવાણા વેટલેન્ડ ખાતે દરવર્ષે યાયાવર પ્રવાસી પક્ષીઓ હજારોની સંખ્યામા આવતા હોય તેમજ દેશી પક્ષીઓ ની સંખ્યા પણ નોધપાત્ર રહેતી હોવાથી દરવર્ષે વનવિભાગ ધ્વારા પક્ષીઓ ની ગણતરી હાથ ધરવામા આવે છે.ગુજરાત વનવિભાગ ના નાયબ વન સરંક્ષણ ના માર્ગદર્શન હેઠળ વનવિભાગ ના સી.એફ. અંશુમાન શર્મા એ.સી.એફ.નિધિ દવે, ડી.સી.એફ.મહેન્દ્ર રાઠવા, આર . એફ.ઓ.આર.એન.પુવાર, ફોરેસ્ટર સેજલબેન ડામોર તેમજ વડોદરા,શિવરાજપુર,જાંબુઘોડા અને કંજેટા ના અધિકારીઓ, આર.એફ.ઓ.કંજેટા સહીતના વન અધિકારીઓ સહીત વન વિભાગના 30 કર્મીઓ સાથે ડભોઈ,વડોદરા અને અમદાવાદ ના પક્ષીવિદ વોલીન્ટરો પક્ષીઓની ગણતરી કામમા જોડાયા હતા. જેમા વઢવાણા તળાવના વિશાળ પટને ચાર વિભાગ મા વહેંચી લાલઝંડીઓ લગાવી જોન પાડી પક્ષીઓની ગણતરી શરુ કરાઈ હતી.

વઢવાણા વેટલેન્ડમાં યાયાવર અને દેશી પક્ષીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો

હાલ વઢવાણા તળાવ ખાતે યાયાવર અને દેશીપક્ષીઓ ની ગણતરી ચાલી રહી છે.ત્યારે દરવર્ષ કરતા ચાલુ વર્ષે વઢવાણા વેટલેન્ડ ખાતે પાણી વધુ પ્રમાણમા હોવાથી તેમજ પક્ષીઓ સલામત ,શાંત સ્થળ અને છીછરા પાણી મા રહેવાનુ વધુ પસંદ કરતા હોય વઢવાણા તળાવ ખાતે પક્ષીઓની સંખ્યામા નોધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

ખેતરોમાં કુદરતી સૌંદર્ય જાણે નિહાળવા જેવું બની ગયું

બોડેલી તાલુકામાં શિયાળાની અસર સવારના સમયે ધુમ્મસનો નજારો

સૂર્ય ઉગ્યા બાદ પણ ચારેબાજુ ધુમ્મસ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 2

હાલ શિયાળુ ઋતુ ચાલી રહી હોવાથી છોટાઉદેપુર જિલ્લામાં ઠંડીનો પ્રકોપ નોંધપાત્ર રીતે વધી ગયો છે. આજુબાજુની હરિયાળી (ગ્રીનેરી)ના કારણે શહેરોની સરખામણીમાં ગામડાઓમાં ઠંડીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે.

આજ રોજ સવારે આશરે સાત વાગ્યાના અરસામાં બોડેલી તાલુકાના જબુગામ સહિત આસપાસના વિસ્તારોમાં ઘનઘોર ધુમ્મસ ભરાયેલું વાતાવરણ જોવા મળ્યું હતું. મોડી સવાર સુધી

અંધારમય માહોલ રહ્યો હતો અને સૂર્ય ઉગ્યા બાદ પણ ચારેબાજુ ધુમ્મસ છવાયેલું જોવા મળ્યું. આ પ્રકારના વાતાવરણને કારણે ખેતરોમાં કુદરતી સૌંદર્ય જાણે નિહાળવા જેવું બની ગયું હતું.

સાવલીના શેરપુરાની કંપનીમાં કોપર કેબલ ચોરી કરનારા ઝડપાયા

(પ્રતિનિધિ) સાવલી, તા.2

સાવલી તાલુકાના શેરપુરા ગામે આવેલ કે ઈ સી કેબલ નામની કંપનીમાં કોપરના કેબલ ચોરીના ગુનાને ગણતરીના કલાકોમાં પાંચ આરોપીઓને 1.90 લાખના મુદ્દામાલ સાથે ઝડપી ને જેલ ભેગા કર્યા છે

પ્રાપ્ત માહિતી મુજબ તારીખ 1 જાન્યુઆરી,2026 ના રોજ સાવલી પોલીસ સ્ટેશન ખાતે કંપનીમાં સિક્યુરિટી એડમીન તરીકે ફરજ બજાવતા હનીસિંહ કંવર ના એ પોતાની ફરિયાદમાં નોંધાવ્યું હતું કે કંપની માંથી કોઈ અજાણ્યા ઈસમો અંદાજે 80 મીટર કોપરના કેબલની ચોરી ગયા નો ગુનો નોંધાયો હતો. ફરિયાદ ના પગલે સાવલી પી આઈ કે જે ચૌહાણે

વિવિધ ટીમો કામે લગાવી હતી અને ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના સોર્સના આધારે ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

તપાસ દરમિયાન ગુનામાં સંડોવાયેલા પાંચ આરોપીઓ બાબુભાઈ ઉર્ફે બાલો ભાઈજીભાઈ પરમાર (રહે. સીલીયાપુરા સુરેલી, તા ઉમરેઠ, જી.આણંદ, ભરત રમેશભાઈ ઠાકોર (રહે.સિલિયા પુરા સુરેલી, તા.ઉમરેઠ, દિનેશ ઉર્ફે બોડો મગન ઠાકોર (રહે.સીલીયાપુરા, સુરેલી, તા.ઉમરેઠ), જગદીશ પરમાર (રહે.સીલીયાપુરા, સુરેલી, તા ઉમરેઠ) અને ચિરાગ મકવાણા (રહે. કઠવાડા રોડ સાકર રાજ રેસીડેન્સી સિંગરવા અમદાવાદ) ને ઝડપી પાડ્યા છે અનેતેમની પાસેથી ચોરીમાં ગયેલ અંદાજે 80 મીટર કોપર કેબલ કિંમત રૂ.1.90 લાખનો મુદ્દામાલ પોલીસે રિકવર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના તબલા વાદક પ્રથમ ભગત રાજ્ય કક્ષા યુવા ઉત્સવમાં પ્રથમ ક્રમે

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

રાજ્ય કક્ષાના યુવા ઉત્સવમાં દાહોદની નાદ સ્પંદન સંસ્થાના તબલા વાદક પ્રથમ

ભગતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી દાહોદ જિલ્લાનું ગૌરવ રાજ્ય કક્ષાએ વધાર્યું છે. રાજ્ય કક્ષાનો યુવા ઉત્સવ તા. 25 અને 26ના રોજ મોરબી ખાતે યોજાયો હતો. આ યુવા ઉત્સવમાં દાહોદની નાદ સ્પંદન સંસ્થાના તબલા વાદક પ્રથમ ભગતે ભાગ લીધો હતો. પ્રથમ ભગતે નાદ સ્પંદન સંસ્થાના સ્થાપક તથા કલાગુરુ ડૉ. કપિલ ત્રિવેદીના સાનિધ્યમાં તેમજ દાહોદના પ્રખ્યાત તબલા વાદક લોકેશ શર્માના માર્ગદર્શન હેઠળ તબલા વાદનની તાલીમ મેળવી રાજ્ય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેની આ સિદ્ધિ બદલ દાહોદ જિલ્લાના કલા જગતમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

દાહોદમાં નવા વર્ષની પાર્ટીના બહાને યુવકને ગોંધીને માર માર્યો

વીડિયો કોલ આવ્યો થી પરિવાર પાસે 50 હજારની માંગ, ત્રણ આરોપીની ધરપકડ

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

દાહોદ જિલ્લામાં મિત્રતાની આડમાં ખંડણી અને બંધક બનાવવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. રાજસ્થાનના વતની અને ફર્નિચર કામ કરતા યુવકને ત્રણ શખ્સોએ નવા વર્ષની પાર્ટીના બહાને મકાનમાં લઈ જઈ ગોંધી રાખી માર માર્યો હતો અને વીડિયો કોલ દ્વારા તેના પરિવાર પાસે 50 હજારની ખંડણી માંગવામાં આવી હતી. આ મામલે દાહોદ બી ડિવિઝન પોલીસે ઝડપી કાર્યવાહી કરી

યુવકને સલામત રીતે મુક્ત કર્યો હતો અને ત્રણેય આરોપીઓને ઝડપી લીધા છે.

મૂળ રાજસ્થાનનો શ્યામલાલ રોજગાર માટે દાહોદ આવ્યો હતો અને અહીં ફર્નિચરનું કામ કરતો હતો. આ દરમિયાન તેની દાહોદના શંકર સાંસી સાથે મિત્રતા થઈ હતી. મિત્રતાના કારણે શંકર અવારનવાર શ્યામલાલ પાસેથી નાની-મોટી રકમ ઉછીની લેતો હતો. બાદમાં શંકરે બંગલાના ફર્નિચર કામની લાલચ આપી વિશ્વાસ જીત્યો હતો તેમજ પોતાની ખોટી સોનાની વીંટી પણ પહેરવા આપી ગિરવે મૂકી રૂપિયા લાવવાની વાત કરી હતી.

દાહોદનું કામ પૂરું થતા શ્યામલાલ અમદાવાદ કામ શોધવા ગયો હતો. ત્યારે શંકરે વીંટી પરત આપવા બહાને તેને દાહોદ બોલાવ્યો હતો. નવા વર્ષની પાર્ટીના બહાને શંકર સાંસી, કૃણાલ સાંસી અને તોશિફ અંસારી ત્રણેયે યુવકને એક મકાનમાં લઈ જઈ માર માર્યો અને રૂપિયાની માંગ કરી હતી. આરોપીઓએ તેના પરિવારને વીડિયો કોલ કરીને ખંડણીની માંગ કરી હતી. આ અંગે દાહોદ બી ડિવિઝન પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

વાઘોડિયા તાલુકામાં લાકડાચોરો બેફામ

મહાદેવપુરા ગામના ખેડૂતના ખેતરમાંથી ચંદનના વૃક્ષની ચોરી

લાકડા ચોરો પર ક્યારે કસાશે ગાળિયો?

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 2

વાઘોડિયા તાલુકાના ગોરજ ગ્રામ પંચાયતના મહાદેવપુરા ગામે રહેતા વસાવા ભગુભાઈ રસીકભાઈની માલિકીની જમીન, ખાતા નં. 435 તથા સર્વે/બ્લોક નં. 713ના ખેતરની શેઢા ઉપર વાવેલ કિંમતી ચંદનના વૃક્ષોને અજાણ્યા ઈસમોએ કાપી ચોરી ગયા હોવાનો બનાવ સામે આવ્યો છે.

આ બાબતે ભગુભાઈએ અગાઉ વાઘોડિયા મામલતદાર કચેરીમાં લેખિત અરજી કરી ચોરી અંગે જાણ કરી હતી. જોકે, અરજી કર્યા બાદ પણ કોઈ જાતની કાર્યવાહી કરવામાં આવી ન હતી.

પરિણામે લાકડા ચોરોની હિંમત વધી અને તા. 30/12/2025ની મોડી રાત્રે ફરી એક વખત ચંદનના વૃક્ષોને કાપી ચોરી કરવામાં આવી હતી. મામલતદાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં ભગુભાઈ વસાવાએ મદદનીશ વન સંરક્ષક તથા વન વિભાગ, વડોદરા તેમજ વાઘોડિયા પોલીસ મથકે સમગ્ર ઘટનાની જાણ કરી હતી.

ચોરી ગયેલા ચંદનના વૃક્ષોને કોઈ શખ્સોએ ટ્રી-ટ્રીમરથી કાપી લઈ ગયા હોવાની વિગતો સામે આવી છે. આ બનાવને લઈને ગોરજ આસપાસ ગેરકાયદે વૃક્ષ કાપણી કરતા લાકડા ચોરો ઉપર ખેડૂતોએ શંકા વ્યક્ત કરી છે.